For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

શિમર કેમિકલ કંપનીને તાળાં લાગ્યા !

રોડ પર ઝેર ઠાલવતી પાદરાની કંપની સામે GPCBની લાલ આંખ

તપાસમાં શિમર કંપનીનો વેસ્ટ હોવાનું ખુલતા 'ગંભીર બેદરકારી' બદલ કંપની બંધ કરાવાઈ

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર કેમિકલ વેસ્ટ નિકાલના કૌભાંડમાં મોટો ખુલાસો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં આવેલી શિમર કેમિકલ કંપનીની ગંભીર બેદરકારી સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. કંપની દ્વારા ગેરકાયદેસર રીતે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ફાજલપુર નજીક જાહેરમાં ઝેરી કેમિકલ વેસ્ટ ઠાલવવામાં આવતાં આ કંપનીને બંધ કરાવવામાં આવી છે. અગાઉ ગત ઓક્ટોબર મહિનામાં નેશનલ હાઈવે ઓથોરિટી (NHAI) ની પેટ્રોલિંગ ટીમને હાઈવે પર એક ટેન્કરમાંથી અત્યંત દુર્ગંધ મારતો કેમિકલ વેસ્ટ ઠલવાતો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી ટેન્કર જપ્ત કર્યું હતું, જોકે ચાલક ફરાર થઈ ગયો હતો. આ મામલે નંદેસરી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસ અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ની સંયુક્ત તપાસમાં એવો ખુલાસો થયો છે કે આ જપ્ત કરાયેલું કેમિકલ વેસ્ટ પાદરા GIDCમાં આવેલી શિમર કેમિકલ કંપનીનું હતું. કંપનીએ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમોનું ઉલ્લંઘન કરીને પર્યાવરણ અને જાહેર સ્વાસ્થ્યને જોખમમાં મૂકીને જાહેરમાં કેમિકલનો નિકાલ કર્યો હતો. શિમર કેમિકલ કંપનીની આ ગંભીર બે દરકારી બદલ સત્તાવાળાઓ દ્વારા કડક પગલું લેવામાં આવ્યું છે. કેમિકલ વેસ્ટના ગેરકાયદે નિકાલ બદલ અને પર્યાવરણને નુકસાન પહોંચાડવાના ગુના બદલ આ કંપનીને બંધ કરાવવાનો આદેશ આપવામાં આવ્યો છે. નંદેસરી પોલીસે ફરાર ટેન્કર ચાલક સામે અગાઉ જ ગુનો નોંધી દીધો છે અને હવે કંપની વિરુદ્ધ પણ નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ કાયદેસરની કાર્યવાહી ચાલુ છે.

શિમર કંપની પર 'ઝડપી કાર્યવાહી'નું ઉદાહરણ

વડોદરા જિલ્લાના પાદરાની શિમર કેમિકલ કંપની સામે ગણતરીના દિવસોમાં થયેલી આ કાર્યવાહી એક મજબૂત સંદેશ આપે છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર ઝેરી કેમિકલનો ગેરકાયદે નિકાલ કરવાની ઘટનામાં, તપાસ એજન્સીઓએ ત્વરિત ગતિએ કેમિકલનો સ્ત્રોત શોધી કાઢ્યો હતો. ટેન્કર જપ્ત થયા બાદ પોલીસ અને GPCB દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયેલી તપાસમાં શિમર કંપનીનું નામ ખૂલ્યું હતું. કંપનીની પર્યાવરણીય નિયમોના ભંગ બદલ અને જાહેર માર્ગ પર કેમિકલ ઠાલવવાની ગંભીર બેદરકારીના કારણે સત્તાવાળાઓ દ્વારા તાત્કાલિક અસરથી કંપનીને ક્લોઝર નોટિસ આપી બંધ કરાવવાનો નિર્ણય લેવાયો હતો. આ કિસ્સો દર્શાવે છે કે પર્યાવરણને જોખમમાં મૂકનારી કંપનીઓ સામે સરકાર હવે સખત વલણ અપનાવી રહી છે.

દિવા તળે અંધારા જેવો ઘાટ

સ્થાયી સમિતિના ચેરમેનના કાર્યાલયમાં જ પ્રેશર વગરનુ ફાયર એક્સ્ટિંગ્યુશર

VMC ફાયર વિભાગનું ચેકિંગ: મેન્ટેનન્સ અને એક્સપાયરી ડેટની તપાસ વચ્ચે ચેરમેન કાર્યાલયના દરવાજે જ બેદરકારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા મહાનગરપાલિકા ની મુખ્ય કચેરી ખાતે આજે ફાયર વિભાગ દ્વારા સુરક્ષા વ્યવસ્થાનું સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગમાં પાલિકાની વિવિધ કચેરીઓ અને સંકુલમાં લગાવવામાં આવેલા ફાયર એક્સટિંગ્વિશર મશીન સહિત અન્ય ફાયર સેફ્ટી ઉપકરણોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પાલિકાની વિવિધ કચેરીઓમાં 50થી વધુ સ્થળો પર ફાયર એક્સટિંગ્વિશર લગાવવામાં આવ્યા છે, જેની સમયાંતરે નિયમિત તપાસ થતી હોય છે. ફાયર ડિવાઈસીસનું પ્રેશર, મેન્ટેનન્સ અને એક્સપાયરી ડેટ જેવી મહત્ત્વની બાબતોનું સમાંતરે ચેકિંગ કરવામાં આવે છે. આ સઘન ચેકિંગ દરમિયાન, ખુદ સ્થાયી સમિતિના ચેરમેનની કચેરીની બિલકુલ બહાર જ લગાવવામાં આવેલા ફાયર એક્સટિંગ્વિશર મશીનમાં ગંભીર ખામી જોવા મળી હતી. આ એક્સટિંગ્વિશર લો પ્રેશર વાળું હોવાનું ફાયર વિભાગના ધ્યાને આવ્યું હતું. જો પાલિકાની કચેરીમાં કોઈ અકસ્માત અથવા દુર્ઘટના સર્જાય અને તાત્કાલિક ફાયર એક્સટિંગ્વિશરનો ઉપયોગ કરવાની જરૂર પડે, તો સ્થાયી સમિતિના ચેરમેનની કચેરી બહાર લગાડેલું લો પ્રેશર વાળું આ ઉપકરણ ખરેખર ઉપયોગમાં આવી શકે કે કેમ, તે અંગે હવે ગંભીર સવાલો ઊભા થયા છે.

વડોદરા મહાનગર પાલિકાની બેદરકારી છલકાઈ !

નવીધરતી બુસ્ટરમાં લીકેજ, રોડ પર નદી વહેતા હજારો લિટર પાણી વેડફાયું

દીવાલ ફાટી, બુસ્ટરમાં લીકેજથી રોડ પર નદી વહેતી થઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરાના નવીધરતી વિસ્તારમાં આવેલા બુસ્ટરમાં થયેલા લીકેજના કારણે હજારો લિટર પીવાનું પાણી રોડ ઉપર વહી ગયું હતું. રોડ પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાતા સમગ્ર વિસ્તારમાં પાણીની રેલમછેલ જોવા મળી હતી. બુસ્ટરમાંથી પાણી લીક થતાં મુખ્ય રોડ પર પાણી ભરાઈ જવાથી વાહનચાલકો તેમજ સ્થાનિક રહેવાસીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અચાનક પાણી વહેતા ટ્રાફિક વ્યવસ્થામાં પણ ખલેલ પહોંચ્યો હતો.

મંગળવારે ફરી એક વખત બુસ્ટરમાં લીકેજ સર્જાતા હજારો લિટર પાણીનો વ્યય થયો હતો. વડોદરા શહેરમાં પાણીની લાઈનોમાં લીકેજની સમસ્યા હવે સામાન્ય બની ગઈ છે. એક તરફ પીવાના પાણીની તંગી સર્જાઈ રહી છે, ત્યારે બીજી તરફ પાલિકા તંત્રની બેદરકારીના કારણે પાણીનો ખુલ્લેઆમ વેડફાટ થતો હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે.

બુસ્ટર નજીક શાળાઓ હોવાને કારણે મુશ્કેલી વધારી

નવીધરતી બુસ્ટરની નજીક જ બે શાળાઓ આવેલી છે. ઉપરાંત આ વિસ્તારમાં વિવિધ પાણી લાઈનોના વાલ્વ પણ મુકવામાં આવ્યા છે. અઠવાડિયે એકવાર લીકેજની સમસ્યા સર્જાતી હોવાના કારણે વારંવાર ખોદકામ કરવામાં આવે છે, જેના લીધે શાળાએ આવતાં-જતાં વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સ્થાનિક જનતાને સતત મુશ્કેલી ભોગવવી પડે છે.

ઠંડીએ અસલ મિજાજ બતાવવાનું શરૂ કર્યું

11.8 ડીગ્રી તાપમાન સાથે વડોદરા રાજ્યમાં બીજા નંબરનું સૌથી ઠંડુ શહેર

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સમગ્ર રાજ્ય સહિત વડોદરામાં ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ત્યારે મંગળવારે શહેરનું લઘુતમ તાપમાન 11.8 ડિગ્રી નોંધાયું હતું. નલિયા રાજ્યમાં 11.2 ડીગ્રી સાથે પ્રથમ જ્યારે વડોદરા બીજા નંબરનું સૌથી ઠંડુ શહેર બન્યું હતું. વહેલી સવારે અને મોડી સાંજે ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે. ત્યારે, લોકો હવે ગરમ વસ્ત્રો પરિધાન કરીનેજ બહાર નીકળવાનું પસંદ કરી રહ્યા છે. ગુજરાતમાં પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી 48 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યારબાદ ધીમે ધીમે 2-3 ડીગ્રી નો વધારો થવાની સંભાવના છે. ત્યારે,વડોદરામાં ઉતરના ઠંડા પવાનોને કારણે ઠંડીનો પારો છેલ્લા ત્રણ દિવસથી સતત બાર તેર ડીગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. જ્યારે આગામી 25 ડિસેમ્બર બાદ ઠંડીનું પ્રમાણ વધવાની સંભાવના છે. મંગળવારે ઠંડીનો પારો 11.8 ડીગ્રી સાથે વડોદરા રાજ્યનું બીજા નંબરનું સૌથી ઠંડુ શહેર નોંધાયું હતું. નોંધનીય છે કે, હવામાન વિભાગ દ્વારા જણાવ્યા મુજબ ઊંચા વિસ્તારોમાં હળવો વરસાદ અથવા હિમવર્ષા પણ શક્ય છે. જે ઠંડીને વધુ તીવ્ર બનાવી શકે છે. જ્યારે, હવામાનશાસ્ત્રીઓના મતે ઉત્તર ભારતમાં પશ્ચિમી વિક્ષેપ, ભેજમાં વધારો, સ્થિર પવનો અને રાત્રિના સમયે ઝડપથી ઘટતા તાપમાનને કારણે ધુમ્મસ માટે અનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે. વડોદરામાં પણ હવે ઠંડીએ અસલ મિજાજ બતાવવાનું શરૂ કર્યું છે.

વડોદરા શહેરમાં અકસ્માતોની વણથંભી વણઝાર

GSFC પાસે ડિવાઈડર સાથે ભટકાતા બાઈક સવાર યુવકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરના જીએસએફસી ગેટની સામે બાઈક સવાર ડીવાઈડર સાથે અથડાતા તેનું ઘટના સ્થળે મોત થયું હતું. યુવક નોકરી પર જઈ રહ્યો દરમિયાન અકસ્માત સર્જાતા કાળ ભરખી ગયો હતો. વડોદરા શહેરમાં અકસ્માતોની વણથંભી વણઝાર શમવાનું નામ લઈ રહી નથી.

દરરોજ અકસ્માતોના બનાવો સામે આવી રહ્યા છે,તેમ છતાં હજીએ કેટલાક ચાલકો પુરપાટ ઝડપે વાહન હંકારી ટ્રાફિક નિયમનનો ભંગ કરવા સાથે પોતાનો અને બીજાના પણ જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

તેવામાં વધુ એક અકસ્માતની ઘટના બની હતી. શહેર નજીક જીએસએફસી પાસે નેશનલ હાઈવેના સર્વિસ રોડ ઉપર વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. જેમાં સાંકરડા ગામમાં રહેતો 20 વર્ષીય ચિરાગ મનોજ જાદવ તેની મોટરસાયકલ ઉપર નોકરી જઈ રહ્યો હતો. તે દરમિયાન અચાનક ડિવાઈડર સાથે ટકરાયો હતો. જે બાદ તેનું માથું થાંભલા સાથે ભટકાતા ઘટના સ્થળ પર કરુણ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થ એસએસજી હોસ્પિટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથધરી હતી.

વડોદરાના અકોટામાં ભયાવહ સ્થિતિ: લોકોના જીવ જોખમમાં !

ગાય સર્કલ પાસે માર્ગ બેસી ગયો, ભૂવો પડવાની તૈયારી

વર્ષમાં અનેક ભૂવા છતાં માત્ર બેરિકેડ મૂકીને સંતોષ! સમારકામમાં ભ્રષ્ટાચારની ગંધ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં માર્ગની જર્જરિત સ્થિતિ નાગરિકો માટે મોટો ખતરો બની ગઈ છે. અકોટા ચાર રસ્તાથી ગાય સર્કલ તરફ જતાં માર્ગની બાજુનો હિસ્સો ધીમે ધીમે બેસી રહ્યો છે અને તેમાં મોટી તિરાડો પડી ગઈ છે. સ્થાનિકોને ડર છે કે કોઈપણ સમયે અહીં મોટો ભૂવો પડી શકે છે, જેના કારણે જાનમાલનું નુકસાન થવાની શક્યતા છે. નાગરિકોના જણાવ્યા અનુસાર, આ રોડ પરથી પસાર થતાં પહેલાં લોકોને સો વાર વિચારવું પડે તેવી પરિસ્થિતિ છે. ખાસ કરીને જ્યારે ભારે વાહનો પસાર થાય છે, ત્યારે માર્ગ પરના કંપનને કારણે તિરાડો વધુ પહોળી થઈ રહી છે, જે મોટા ભૂવા પડવાની સ્પષ્ટ નિશાની છે. રોડનો એક તરફનો ભાગ ધસી રહ્યો હોવાથી વાહનચાલકોએ અત્યંત સાવધાની રાખવી પડે છે. આ ગંભીર પરિસ્થિતિ હોવા છતાં, વડોદરા મહાનગરપાલિકા તંત્ર દ્વારા માત્ર તે જગ્યાની ફરતે બેરિકેડિંગ કરીને સંતોષ માની લેવામાં આવ્યો છે.

તાત્કાલિક રોડ સમારકામની માંગ

સ્થાનિકો અને સામાજિક કાર્યકર્તાઓએ આ માર્ગની નબળી સ્થિતિ માટે કામગીરીમાં થયેલા વ્યાપક ભ્રષ્ટાચારને જવાબદાર ઠેરવ્યો છે. સામાજિક કાર્યકર વિઠ્ઠલ આયરેએ નિંદ્રાધીન સ્માર્ટ સત્તાધીશો સામે રોષ ઠાલવ્યો છે અને તાત્કાલિક યોગ્ય કામગીરી કરવાની માગ કરી છે.

ખરાબ હવામાનની અસર : એર ઈન્ડિયાની દિલ્હીની ફ્લાઈટ કેન્સલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

ખરાબ હવામાનને કારણે દિલ્હીની ફ્લાઈટો રદ કરવામાં આવી રહી છે. દિલ્હી વડોદરા દિલ્હીની ફ્લાઈટ સોમવાર બાદ મંગળવારે પણ એર ઈન્ડિયાની ફ્લાઈટ કેન્સલ કરવામાં આવી હતી. જોકે તેની જાણ અગાઉથી કરવામાં આવતા મુસાફરોએ યાત્રા માટે વૈકલ્પિક માર્ગ અપનાવ્યો હતો. આ પરિસ્થિતિ આગામી ચાર દિવસ સુધી યથાવત રહેવાની શક્યતા વ્યકત કરવામાં આવી છે.

વડોદરા એરપોર્ટ પર ખાસ કરીને વહેલી સવારની ફ્લાઈટમાં ઈન્ટરનેશનલ ફ્લાઈટથી મુસાફરો આવતા હોય છે. જોકે ફ્લાઈટ કેન્સલ અને લેટ પડતા બીજી ફ્લાઈટ માટે કલાકોની રાહ જોવાની ફરજ પડી રહી છે. મંગળવારે પણ હવામાન ખરાબ અને ફોગને કારણે ઝીરો વિઝીબિલિટી થવાની શક્યતાઓને પગલે એર ઈન્ડિયા દ્વારા વડોદરા આવતી સવારની 6:40 વાગ્યાની ફ્લાઈટ દિલ્હી વડોદરા, દિલ્હીની રદ કરવાની અગાઉથી જાહેરાત કરી દેવામાં આવી હતી. જેને પગલે મુસાફરોમાં ચિંતાનો માહોલ છવાયો હતો જ્યારે એરપોર્ટ ઓથોરિટી દ્વારા જણાવાયું હતું કે, દિલ્હીમાં ડિસેમ્બરના બીજા સપ્તાહથી ધુમ્મસને પગલે જીરો વિઝીબિલિટી થતી હોય છે. જેને પગલે સવારની ફ્લાઈટ ધુમ્મસ ક્લિયર થાય ત્યાં સુધી ત્રણથી ચાર કલાક મોડી ઓપરેટ કરવી પડે છે. આ શક્યતાઓમાં શિડયુલ ફ્લાઈટ પણ અટવાતી હોય છે. જેથી સવારની ફ્લાઈટ રદ કરવામાં આવતી હોય છે. આ સમસ્યા દર વર્ષે ફેબ્રુઆરીના બીજા સપ્તાહ સુધી રહેતી હોવાનું જણાવ્યું હતું. જો કે છેલ્લા ઘણા સમયથી ઈન્ડિગોની ફ્લાઈટ રદ થયા બાદ હવે ખરાબ હવામાનના કારણે એર ઈન્ડિયાની ફ્લાઈટ પણ કેન્સલ થવા સાથે લેટ થતા મુસાફરોને હવે અન્ય વિકલ્પ દ્વારા મુસાફરી કરવાની ફરજ પડી રહી છે.

નેશનલ હાઈવે પર વરણામા પાસે ટ્રકનો ગમખ્વાર અકસ્માત,કેબિનનું કચ્ચરઘાણ

અકસ્માતમાં બેરલમાં ભરેલ ફેવિકોલ ઢોળાતા રોડ સાઈડ પર આવેલી વરસાદી કાસમાં પ્રસરી ગયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

અકસ્માતોની વણઝાર શમવાનું નામ નથી લઈ રહી, ત્યાંતો વધુ એક અકસ્માતની ઘટના બની હતી. શહેરના વરણામા ગામ પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સર્જાયેલા અકસ્માતમાં ટ્રક ડિવાઈડર સાથે ધડાકાભેર ભટકાયો હતો. જેમાં ટ્રકના આગળના કેબિનનું કચ્ચરઘાણ વળી ગયું હતું. અકસ્માતમાં ડ્રાઈવર ફસાતા તાબડતોડ જીઆઈડીસી ફાયર સ્ટેશનના જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ચાલકને રેસ્ક્યુ કરી બહાર કાઢવામાં આવ્યો હતો. મહંમદ શેખ નામના ચાલકને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્રથી અમદાવાદ ફેવિકોલ ભરીને આ ટ્રક જઈ રહ્યો હતો. જ્યાં વરણામાં ગામ પાસે અકસ્માત નડ્યો હતો. અકસ્માતમાં બેરલમાં ભરેલ ફેવિકોલ ઢોળાતા રોડ સાઈડ પર આવેલી વરસાદી કાસમાં પ્રસરી ગયો હતો.

જેના કારણે ટ્રક અને ફેવિકોલ સહિત લાખોનું નુકસાન થયું હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. જ્યારે બીજી તરફ ટ્રક ચાલકની પણ તબિયત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. બનાવને પગલે પોલીસે આગળની કાર્યવાહી હાથધરી હતી.

સમગ્ર તાલુકામાં શિક્ષકો સામે લોકોનો રોષ વ્યાપ્યો

મોકસી પ્રાથમિક શાળામાં શિક્ષિકાની ક્રૂરતા ,ધો .5ના વિદ્યાર્થીને ઢોર માર માર્યો

શિક્ષિકા સામે કડક કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

સાવલી તાલુકાના મોકસી ગામની પ્રાથમિક શાળામાં ધોરણ પાંચમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને વાંચતા ન આવડતાં હોવાના કારણે શિક્ષિકાએ માર માર્યાનો ગંભીર આક્ષેપ સામે આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર તાલુકામાં પડ્યા છે અને વાલીગણ તેમજ ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.મોકસી ગામની પ્રાથમિક શાળામાં પાંચમું ધોરણ ભણાવતી શિક્ષિકા મુગાષ્ટી મેડમ પર પોતાના વર્ગના વિદ્યાર્થીને કડક સજા તરીકે ઢોર માર માર્યાનો આરોપ વિદ્યાર્થીના વાલી દ્વારા કરવામાં આવ્યો છે. વાલીઓનો આક્ષેપ છે કે શિક્ષિકાની ક્રૂર વર્તનથી શાળા વિવાદમાં આવી ગઈ છે.

વિદ્યાર્થીના વાલી પ્રકાશભાઈ ઓડના જણાવ્યા મુજબ ગતરોજ શાળામાં શિક્ષણ કાર્ય દરમિયાન તેમનો પુત્ર યોગ્ય રીતે વાંચી ન શકતાં શિક્ષિકા ભારે ગુસ્સે થઈ ગયા હતા. તેમણે લાકડી અથવા ફૂટપટ્ટી વડે વિદ્યાર્થીના ખભા અને બરડા ના ભાગે બેફામ માર માર્યો હતો. મારના કારણે બાળક આજે શાળાએ પણ જઈ શક્યો નથી. વાલીએ દોષિત શિક્ષિકાની તાત્કાલિક બદલી કરવાની માંગ કરી છે.બાળકની હાલત જોઈ માતા-પિતાએ શાળાનો સંપર્ક કર્યો હતો. ઘટનાની જાણ થતાં જ ગ્રામજનો અને અન્ય વાલીઓ શાળાએ એકત્રિત થયા હતા અને શિક્ષિકા સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી હતી. ગ્રામજનોની ચર્ચા મુજબ આ શિક્ષિકાએ ભૂતકાળમાં પણ અન્ય બાળકોને માર માર્યાના બનાવો થયા હોવાના આક્ષેપો સામે આવ્યા છે.

આ સમગ્ર મામલે વાલીગણ અને ગ્રામજનોએ શાળા આચાર્યને લેખિત રજૂઆત કરી દોષિત શિક્ષિકા સામે નિયમ મુજબ તેમજ દાખલા રૂપ કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં બાળકોને શારીરિક સજા ન આપવાની બાબતે વારંવાર માર્ગદર્શિકા (ગાઇડલાઇન) બહાર પાડવામાં આવી છે. તેમ છતાં આવી ઘટનાઓ શિક્ષણ જગતને કલંકિત કરી રહી છે અને સિસ્ટમની ગંભીર બેદરકારી દર્શાવે છે. બાળકોને પ્રેમ અને સમજણથી શિક્ષણ આપવાના બદલે આવી હિંસક ઘટનાઓ સમાજ માટે શરમજનક બની રહી છે.

હાલ આ મુદ્દો સમગ્ર તાલુકામાં ચર્ચાના ચગડોળે છે. હવે જોવાનું એ રહેશે કે સંબંધિત વિભાગ આ શિક્ષિકા સામે કેવી અને કેટલી કડક કાર્યવાહી કરે છે.

ધૂળ અને બેદરકારીનું સરનામું એટલે માંજલપુર

ડિવાઈડર બનાવવા ઠાલવેલી માટી રોડ પર પથરાતા રાહદારી-વાહનચાલકોને ભારે હાલાકી

આવતા-જતા વાહનોના કારણે હવામાં ધૂળની ડમરીઓ ઉઠતા લોકોને શ્વાસની તકલીફ થાય તો નવાઇ નહિ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના વોર્ડ નંબર 18 માંજલપુર વિસ્તારમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ડિવાઈડરની કામગીરી અધૂરી રહેવાને કારણે સર્જાયેલી હાલાકી હવે વધુ વકરી છે. પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા ડિવાઈડરમાં પૂરણ કરવા માટે માટી ઠાલવવામાં આવી છે, પરંતુ આ માટી છેલ્લા એક અઠવાડિયાથી માત્ર ડિવાઈડર પર ઢગલો કરીને મૂકી દેવામાં આવતા સ્થાનિક રહેવાસીઓ અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ડિવાઈડર પર ઠાલવવામાં આવેલી માટી હવે રસ્તા પર ફેલાઈ ગઈ છે અને વાહનોની અવરજવરને કારણે તે ઉડીને આસપાસના રહેણાંક વિસ્તારોમાં ઘૂસી રહી છે. સ્થાનિકોનું કહેવું છે કે કોન્ટ્રાક્ટર માટીનો ઢગલો કરીને જતા રહ્યા છે, પરંતુ કામ પૂરું કરવામાં આવ્યું નથી.

કોન્ટ્રાક્ટર સામે દંડનીય કાર્યવાહી કરવા સ્થાનિકોની માંગ

માંજલપુરના સ્થાનિકો અને વાહનચાલકોએ આ ગંભીર બેદરકારી સામે પાલિકા સત્તાધીશો સમક્ષ આક્રોશ વ્યક્ત કર્યો છે અને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી છે.

એક સ્થાનિક રહેવાસીએ પોતાની વેદના વ્યક્ત કરતા જણાવ્યું કે, "આ માટી એક અઠવાડિયાથી રોડની વચ્ચે ઠાલવેલી છે. આ માટી ઉડીને અમારા ઘરોમાં આવે છે. દિવસમાં ત્રણ વાર કચરો વાળવો પડે છે, તેમ છતાં ઘરમાં માટી જ માટી થઈ જાય છે." વધુમાં, તેમણે ગંભીર આરોગ્ય સમસ્યા ત રફ ધ્યાન દોરતા કહ્યું કે, "મારા સસરાને અસ્થમાની બીમારી છે. માટી ઉડવાના કારણે તેઓને શ્વાસ લેવામાં વધારે તકલીફ પડે છે. નાના બાળકોને નીચે રમવા જવું હોય તો તેઓ ધૂળ અને માટીના કારણે રમવા પણ જઈ શકતા ન થી ." સ્થાનિકો માટે આ માટીનો ઢગલો માત્ર અસુવિધા નહીં, પણ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાનું કારણ બની રહ્યો છે. માર્ગ પર ફેલાયેલી આ માટી વાહનચાલકો માટે પણ જોખમી બની છે. વાહનોની ગતિને કારણે માટીના ગોટેગોટા ઉડે છે, જેના કારણે દ્રશ્યતા ઘટે છે અને અકસ્માતનો ભય રહે છે. એક વાહનચાલકે પોતાનો અનુભવ જણાવતા કહ્યું કે, "બાળકોને સ્કૂલે મૂકવા અને લેવા જતી વખતે માટી સીધી આંખમાં ઊડે છે જેનાથી અકસ્માતો સર્જાય તેવી ભીતી સેવાઈ રહી છે.